GJ/01/માર્ચ – મે/2026

# BELIEVERES EASTERN CHURCH

World Church Headquarters, St Thomas Community
Thiruvalla-689103, Kerala, India

## ઘેટાંપાળકનો પત્ર

માર્ચ – મે 2026

મારા પ્રિય ઘેટાંપાળકો અને પવિત્ર મંડળીના તમામ વિશ્વાસીઓ,

ત્રિએક પરમેશ્વર – પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં – હમણાં અને સદા સર્વદા. આમીન.

મને આપણાં આત્મિક પિતા સ્મરણિય મેટ્રોપોલિટન એથનેસિયસ યોહાન પ્રથમની એક વાત ઘણી વાર યાદ આવે છે. તેઓ અમને કહેતા હતા:"હંમેશા મંડળી વિશે વિચારતા રહો." તેમનો અર્થ એવો હતો કે આ પૃથ્વી પર આપણે જે એકમાત્ર સ્થાયી સાચી વાસ્તવિકતાનું નિર્માણ કરી શકીએ છીએ તે મંડળી છે.

પ્રિય બાળકો, તમે જ મંડળી છો — ખ્રિસ્તનું જીવંત શરીર.યાદ રાખો કે તમે જે સ્થાનિક મંડળી સાથે જોડાયેલા છો તે માત્ર કોઈ સંસ્થા અથવા સંગઠન નથી. તે પવિત્ર પ્રભુભોજન (હોલી યુકેરિસ્ટ) પર કેન્દ્રિત એક પવિત્ર સંગતિ છે, જ્યાં વિશ્વાસીઓ પવિત્ર આત્મામાં એક થઈને બિશપ અને યાજકોની આસપાસ એકત્ર થાય છે. તે પવિત્ર શાસ્ત્ર અને પવિત્ર પરંપરાઓ દ્વારા જેનું જતન થાય છે. આ મંડળીમાં આપણે સતત ખ્રિસ્તને મળીએ છીએ, પરમેશ્વરના સ્વભાવમાં વધીએ છીએ અને વચન તથા કર્મ દ્વારા સુસમાચારને જીવવા માટે પ્રેરિત થાઈએ છીએ.

આ કારણે 2026 માટે આપણી મંડળીનું દર્શન છે:" મંડળીનું નિર્માણ: વિશ્વાસ, જીવન અને સેવા." હવે હું આ દર્શનના ત્રણ પાસાઓને સંક્ષેપમાં સમજાવવા માંગું છું અને એ પણ જાણવવા માગું છું કે આપણે આ બાબતો ને આપણી મંડળીના સામૂહિક જીવનમાં વ્યવહારુપણે કેવી રીતે લાગુ કરી શકીએ છીએ. .

### 1. વિશ્વાસ

કલ્પના કરો કે સ્થાનિક મંડળી એક મોટા વૃક્ષ જેવી છે. વિશ્વાસ એ તેના મૂળ જેવો છે, જે વૃક્ષને મજબૂત રાખે છે અને તેને પોષણ આપે છે. એ જ રીતે પવિત્ર વિશ્વાસ મંડળી અને આપણા ખ્રિસ્તી જીવનનો આધાર છે.

(a) પવિત્ર વિશ્વાસ કોઈ વ્યક્તિગત મત નથી. તે એ વિશ્વાસ છે જે પ્રેરિતોએ આપણને આપ્યો, પ્રાચીન મંડળીના પિતાઓએ તેની પુષ્ટિ કરી અને પવિત્ર મંડળીના જીવન દ્વારા તેનું સંરક્ષણ થયું છે. પ્રેરિત પાઊલ ગલાતીયો 1:8 માં લખે છે: "પણ જે સુવાર્તાને અમે તમને પ્રગટ કરી, તે વિના બીજી સુવાર્તા જો અમે અથવા આકાશનો કોઈ દૂત પણ તમને પ્રગટ કરે તો તે શાપિત થાઓ."આ વાક્ય આપણને પવિત્ર વિશ્વાસની ગંભીરતા અને તેની શુદ્ધતાની યાદ અપાવે છે, જેના આધારે આપણે જીવવું અને વિશ્વાસયોગ્યતાથી તેને સુરક્ષિત રાખવું.

(b) 1 તિમોથી 3:15–16 માં પવિત્ર મંડળીને "સત્યનો સ્તંભ અને પાયો" કહેવાય છે.

મંડળીને દેવના ઘર તરીકે વર્ણવવામાં આવ્યું છે, જેને સુસમાચારના સત્યને જાળવવાની અને તેનું રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

આગલા વચનમાં "સતધર્મનો મર્મ" – અર્થ ઇસુ ખ્રિસ્ત દેહધારણ કરીને આવ્યા- જેને તે સત્યના રૂપમાં જાહેર કરવામાં આવ્યા છે જેની પવિત્ર મંડળી ઘોષણા અને સુરક્ષિત રાખે છે. આ બાબરો દર્શાવે છે કે મંડળીની જવાબદારી આ છે કે ખ્રિસ્તી વિશ્વાસને તેની શુદ્ધતા અને ભેળસેળ અને વિના વિકૃતિથી સુરક્ષિત રાખે.

(c) 2 તિમોથી 1:5 માં પાઉલ તિમોથીને તેના "નિષ્કપટ વિશ્વાસ" ની યાદ અપાવે છે, જે પહેલા તેની દાદી લોઇસ અને તેની માતા યુનિકામાં હતો. એ જ રીતે આપણને પણ ખાતરી કરવી જોઈએ કે આ પવિત્ર વિશ્વાસ આપણા ઘરોમાં જીવંત રહે અને આગામી પેઢીને સોંપાય.

**2. જીવન**

જીવન એ વૃક્ષના થડ, ડાળીઓ અને પાંદડાં જેવું છે – જે બધાને દેખાય છે. તે જ રીતે મંડળીનું જીવન એમાં દેખાય છે કે આપણે દરરોજ આપણો વિશ્વાસ કેવી રીતે જીવીએ છીએ, જેમાં સંસારમાં આપણાં જીવનના આત્મિક અને સાંસારિક જીવનના બન્ને પાસાઓનો સમાવેશ થાય છે.

(a) આ જીવનનું કેન્દ્ર પવિત્ર આરાધના વિધિ છે. દર અઠવાડિયે આપણે પવિત્ર વેદીની આસપાસ ભેગા થઈએ છીએ અને ઇસુ ખ્રિસ્ત પાસેથી શક્તિ અને પોષણ મેળવીએ છીએ. આપણે મંડળીના લિટર્જિકલ કેલેન્ડરનું પાલન કરીએ છીએ અને ઉપવાસ તથા તહેવારોને ભક્તિ અને એકતા સાથે ઉજવીએ છીએ.આ પ્રમાણે, પ્રવિત્ર વિધિ મંડળીના જીવનમાં ઉંડાણ પૂર્વક ભળી જાય છે અને પવિત્ર ત્રિએક પરમેશ્વર આપણે આરાધનાનું કેન્દ્ર બની જાય છે.

(b) આ જીવન આપણા ઘરોમાં પણ જીવવું જોઈએ. આપણાં પરિવારો નાની નાની મંડળી બનવી જોઈએ જ્યાં પ્રાર્થના દૈનિક જીવનનો સ્વાભાવિક ભાગ બને. આપણાં ઘરમાં નિયમિત પ્રાર્થનાની વ્યવસ્થા સ્થાપવી જોઈએ — સવાર અને સાંજની પ્રાર્થના, પવિત્ર શાસ્ત્રનું વાંચન, અને પરમેશ્વર સમક્ષ શાંત મનન કરવું.

(c) આપણું ખ્રિસ્તી જીવનને એ સ્થળોએ પણ દેખાવું જોઈએ જ્યાં આપણે રહીએ છીએ —શાળાઓમાં,કોલેજોમાં,

કાર્યસ્થળે, જે શબ્દોને આપણે બોલીએ છીએ, જે સંબધો આપણે બનાવી રાખીએ છીએ, અને જે પ્રમાણે આપણે આપણાં સ્વભાવને સંચાલિત કરી છે. આ સર્વ વાતોમાં આપણું જીવન ઇસુ ખ્રિસ્તને પ્રતિબિંબિત કરવું જોઈએ, કારણ કે ઘણી વાર આપણું જીવન આપણા શબ્દોથી વધુ શક્તિશાળી રીતે બોલે છે.

3. સેવા

સેવા એ વૃક્ષના ફળ જેવુ છે.તે આપણા વિશ્વાસ અને આત્મિક જીવનનું દૃશ્યમાન પરિણામ છે. સાચો ખ્રિસ્તી એ છે જે પોતાના વિશ્વાસને કર્મ દ્વારા જીવે છે.

(a) પવિત્ર આરાધના પછી અંતે આપણે આશીર્વાદ પ્રાપ્ત કરીને દુનિયામાં મોકલવામાં આવે કે જેથી શબ્દ અને કાર્ય દ્વારા પરમેશ્વરની સેવા કરીએ. આ જ આપણું તેડું અને જવાબદારી છે- આપણાં પાડોશી, અને સમુદાય અને આજુબાજુના સમાજ સુધી પહોચવું. પ્રારંભિક મંડળીના પિતાઓ તેને "લિટર્જી પછીની લિટર્જી" કહેતા હતા.

(b) પરમેશ્વરના સંતાનો તરીકે આપણે દયા અને કરુણાના કાર્યો દ્વારા સુસમાચાર જીવવા બોલાવાયા છીએ: જેમ કે: પરમેશ્વરની સૃષ્ટિના જવાબદાર રક્ષક તરીકે ગરીબો અને વિધવાઓની સંભાળ રાખવી, વંચિત બાળકોને શિક્ષણમાં મદદ કરવી અને તેમની મદદ કરવી, જરૂરિયાતમંદો પ્રત્યે કરુણા બતાવવી.

આ મહા ઉપવાસ (ગ્રેટ લેંન્ટ) ના સમયમાં અને ત્યાર પછી પણ "મંડળીનું નિર્માણ: વિશ્વાસ, જીવન અને સેવા" આપણા માટે આગળ વધવાનો સ્પષ્ટ માર્ગ બને. અને દર્શન ત્યારે જ ફળ લાવશે જ્યારે આપણે બધા- બિશપો, યાજકો અને વિશ્વાસીઓ મળીને સમર્પણ સાથે આ દર્શનને સ્વીકારીશું .

જલ્દી જ આપણે પવિત્ર થેઓટોકોસના ધોષણાનો પર્વ ઉજવશું, ત્યાર પછી ખજૂર રવિવાર (Palm Sunday) આવશે. પછી આપણે પવિત્ર સપ્તાહ (Holy Week) માં પ્રવેશીશું, જ્યાં આપણે પ્રભુ ઇસુ ખ્રિસ્તના દુઃખના માર્ગમાં તેમની સાથે ચાલીએ છીએ અને અંતે તેમના મહિમાવાન પુનરુત્થાન — પાસ્કા (ઈસ્ટર) — ઉજવીએ છીએ.

મારા પ્રિય બાળકો,  આ પવિત્ર ઉપવાસના દિવસોમાં હું તમને દરેકને મારી પ્રાર્થનામાં યાદ કરું છું. એક આત્મિક પિતા તરીકે હું તમને પ્રોત્સાહિત કરું છું કે જે વાતો મેં શેર કરી છે તેને તમારા જીવનમાં જીવંત બનાવો. કૃપા કરીને પરમેશ્વરના સિંહાસનના સામે તમારી નિયમિત પ્રાર્થનામાં આ નિર્બળ અને પાપી સેવકને પણ યાદ રાખજો,  જેથી પરમેશ્વરની કૃપા અને દયા મને મળે.

પવિત્ર ત્રિએક પરમેશ્વર — પિતા, પુત્ર અને પવિત્ર આત્મા — તમને તેમની ઇચ્છા સમજવાની બુદ્ધિ, તેમની આજ્ઞાનું પાલન કરવાની શક્તિ અને તેમની દયા પ્રતિબિંબિત કરવાનો પ્રેમ આપે. અને સર્વ સંતો તથા પવિત્ર થિયોટોકોસની મધ્યસ્થા પરમેશ્વરના સિંહાસન સમ્મુખ આપણાં માટે સુરક્ષા થાઓ, હમણાં અને સદા સર્વદા. આમીન.

**પિતૃત્વભર્યા પ્રેમ અને પ્રાર્થનાઓ સાથે,**

**મોરાન મોર સેમ્યુઅલ થેઓફિલોસ**

**મેટ્રોપોલિટન**

તારીખ: 13 માર્ચ 2026

સ્થળ: વિશ્વ મંડળીનું મુખ્યાલય